(19) ડી-૩ ચોથા કેન્દ્રીય પગારપંચની ભલામણોને આધારે બિનસરકારી/સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક કર્મચારીઓના પગારધોરણની સુધારણા બાબત

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : ઉમશ-૧૨૮૭/૧૦૯૨-ગ/૧,

સરદાર ભવન, સચિવાલય સંકુલ, ગાંધીનગર, તા. ૩૦-૧૧-૯૧.

**વંચાણમાં લીધા** : શિક્ષણ વિભાગનો તા. ૧૪-૭-'૮૭નો ઠરાવક્રમાંક : બમશ-૧૧૮૭/૨૫૩૫ (૮૭)-ગ.

**ઠરાવ** : સરકારી/બિનસરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સામાન્ય પ્રવાહના અભ્યાસક્રમમાં ઉદ્યોગશિક્ષકની જગ્યા અસ્તિત્વમાં છે. શિક્ષણ વિભાગના તા. ૧૪-૭-'૮૭ના ઠરાવથી ઉદ્યોગશિક્ષકનું પગારધોરણ રૂ. ૧૩૫૦-૩૦-૧૪૪૦-૪૦-૧૮૦૦-લાઆ-૫૦-૨૨૦૦ નિયત કરવામાં આવેલ છે. તેમ છતાં શિક્ષણ વિભાગના તા. ૧૪-૭-'૮૭ના ઠરાવમાં ઉદ્યોગશિક્ષક નામનો હોદ્દો સ્પષ્ટપણે દર્શાવવામાં આવેલ ન હોઈ, કેટલીક ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઉદ્યોગશિક્ષકના પગારધોરણ બાબતે વિસંગતતાઓ પ્રવર્તે છે. આ બાબતમાં ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘે સરકારને રજૂઆત કરી હતી અને જણાવ્યું હતું કે, ઉદ્યોગશિક્ષકનું પગારધોરણ કે જે રૂ. ૧૩૫૦-૨૨૦૦નું નક્કી કરવામાં આવેલું છે તે અંગે જો શિક્ષણ વિભાગ દ્વારા સ્પષ્ટતા બહાર પાડવામાં આવે તો જુદી જુદી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઉદ્યોગશિક્ષકના પગારધોરણ બાબતે જે વિસંગતતાઓ પ્રવર્તે છે તે નિવારી શકાય.

ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘની રજૂઆત સરકારે સ્વીકારી છે અને નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે.

સરકારી/બિનસરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં કામ કરતાં ઉદ્યોગશિક્ષકોને શિક્ષણ વિભાગના તા. ૧૪-૭-'૮૭ના ઠરાવમાં દર્શાવ્યા મુજબ રૂ. ૧૩૫૦-૩૦-૧૪૪૦-૪૦-૧૮૦૦-લાઆ-૫૦-૨૨૦૦નું પગારધોરણ આપવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, મ. દિ. પંડયા,

સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ.

(20) ડી-૪ **Remuneration-Part time employees (Class-IV)**